# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**આઠમું સત્ર**

## બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૧

## પહેલી બેઠક

## સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૩૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**૨. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૧૨-સન ૨૦૨૦નો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૧નો ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૩) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૧નો પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**........ પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૪) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૩-સન ૨૦૨૧નો ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

...૨...

(૫) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**......માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(૬) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઈ ખાબડ**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૪-૧૫ અને સન ૨૦૧૫-૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૮) ગુજરાત જાહેર સેવા આયોગના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૯) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરનો ઓડીટ અહેવાલ

**....... ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૦) સન ૨૦૧૮ના ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ અન્વયેના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:- પીટી/૨૦૨૦/૧૭/એમવીડી/૧૦૨૦૧૭/૧૬૮૪/ખ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

## ૩. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨ અને સાતમા સત્રમાં પસાર કરેલ સન ૨૦૨૦નાં વિધેયક ક્રમાંક- ૧૬ અને ૧૮ તથા સાતમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૦નાં વિધેયક ક્રમાંક-૪, ૯, ૧૩, ૧૪, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭ અને ૨૮ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

***..........*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

## ૪. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત

(૧) કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલની રજૂઆત

***........*માનનીય અધ્યક્ષશ્રી**

(૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી/સભ્યશ્રી**

(૩) અંદાજ સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત

***........*સમિતિના માનનીય પ્રમુખશ્રી બાબુભાઇ બોખીરીયા/સભ્યશ્રી**

**૫. <u>માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ</u>**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.''

**૬. <u>બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી /સભ્યશ્રીનો પ્રસ્તાવ</u>**

'' આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય. ''

**૭. <u>વધારાના ખર્ચના પત્રકની રજૂઆત</u>**

સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકની રજૂઆત

**........માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

**૮. <u>ખર્ચના પૂરક પત્રકની રજૂઆત</u>**

સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**........માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

**૯. <u>અંદાજપત્રની રજૂઆત</u>**

સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

**........માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

## બીજી બેઠક

## બપોરના ૪-૩૦ થી સાંજના ૯-૦૦ વાગ્યા સુધી

**૧. <u>પ્રશ્નોત્તરી</u>**

**<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

(૨) માનનીય ઊર્જા મંત્રીશ્રી

(૩) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મંત્રીશ્રી

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી કીરીટકુમાર પટેલ માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:-

પાલનપુર ખાતે આવેલા પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી રૂપિયા ૧ કરોડ ૯૧ લાખની કિંમતના ઘઉં અને ચોખાના ૧૫૨૪૯ કટ્ટાને મેનેજર અને તેના સહાયકો દ્વારા ગેરકાયદે વેચાણ કરવાની ગંભીર ઘટના બની છે. ગરીબો માટે રાજય સરકારે અનામત રાખેલા અનાજના આવા મોટા જથ્થાનું કાળાબજારમાં વેચાણ કરવાથી આમ જનતામાં ભારે રોષ વ્યાપી ગયેલ છે. આ કૌભાંડમાં વેચવામાં આવેલ ઘઉં અને ચોખાના જથ્થાને પરત મેળવવા તેમજ આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ આરોપીઓ સામે ગંભીર કાર્યવાહી હાથ ધરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**૩. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૧નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૧નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**........ પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૧નું ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧લી માર્ચ, ૨૦૨૧**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**